**કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**ગોધરા-૩૮૯૦૦૧**

---

# "ખેતીમાં કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજીનું મહ્ત્વ અને તેની ઉપયોગિતા" એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે "એડવાન્સડ સેન્ટર ફ઼ોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનશન્સ" યોજના અંતર્ગત કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદ ના સંયુકત ઉપક્રમે "ખેતીમાં કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજીનું મહ્ત્વ અને તેની ઉપયોગિતા" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ તારીખ ૨૯/૦૧/૨૦૨૬ ના રોજ કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે યોજવામાં આવ્યો. સદર ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાહોદ તાલુકાના અભલોડ, દાદુર, ભેપાટિયા, જી. દાહોદના ૬૫ ખેડૂત ભાઈઓ હાજર રહી ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. કાર્યક્રમની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં ડૉ. આર. સુબ્બૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા; ડૉ. હિતીક્ષા પરમાર, ડૉ.ફરીદ સૈયદ, ડૉ. ગૌરાંગ ભાભોર, મુવાલિયા ફાર્મ, એ. એ. યુ. દાહોદના જુદા જુદા વિભાગ ના વડાશ્રીઑ અને કૃષિ  ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ અને મુવાલિયા ફાર્મના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

આ કાર્યક્રમમાં ડૉ. આર. સુબ્બૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી દ્વારા તાલીમાર્થીઓને ખેતીમાં યાંત્રિકીકરણનું મહ્ત્વ, ટપક સિંચાઇ પધ્ધતિથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, ખેત પેદાશોનું મૂલ્ય વર્ધન અને  સોલર પમ્પિંગ દ્વારા ખેતી પાકોમાં પિયત તેમજ સોલાર ડ્રાયર અને બાયોમાસ ના વ્યવસ્થાપન વિષે માહિતગાર કરવામાં આવેલ હતા. વધુમાં નેચરલ ફાર્મિંગ દ્વારા ખેતીમાં ઉપયોગીતા અને તેના ફાયદાઓ અને સરકારશ્રીની જુદી જુદી બાગાયતી પાકો માટેની યોજનાઓ વિષે પણ માહિતી આપેલ હતી. ડૉ. ફરીદ સૈયદ, આચાર્ય, કૃષિ પોલી. ઇન એગ્રી. એંજિ.  દ્વારા વિવિધ એગ્રીકલ્ચર અને તેને સંલગ્ન અભ્યાસક્રમો વિષે વિસ્તૃતમાં માહિતી આપેલ. ડૉ. હિતીક્ષા પરમાર, હેડ ઑફ યુનિટ, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા કેન્દ્ર ખાતે ચાલી રહેલ લસણ અને ચણાની સુધારેલ જાતો અને તેની લાક્ષણિક્તા વિષે માહિતીગાર કર્યા.

સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજના ના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા "સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગિતા અને તેનું મહ્ત્વ"; ડૉ. જે. શ્રવણકુમાર, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા "સૌર સુકવણી યંત્રનું મહ્ત્વ અને તેની ઉપયોગીતા";  ડૉ. કે. એલ. ડાભી, સહ-પ્રાધ્યાપક, એફ.એમ.પી.ઇ. વિભાગ દ્વારા "ખેતીમાં યાંત્રિકીકરણ અને તેનું મહ્ત્વ"; અને ડૉ. બલાસ દુડા, એસ. ડબલ્યુ સી. ઇ. વિભાગ દ્વારા "ટપક સિંચાઇ પધ્ધતિથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતા. ડૉ. હિતીક્ષા પરમાર, હેડ ઑફ યુનિટ, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા લસણ ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને ડૉ. મિહિર પંડ્યા દ્વારા ચણાની સુધારેલ જાતો અને તેની લાક્ષણિક્તા વિષે પ્રત્યક્ષ નિદર્શન બતાવી માહિતીગાર કર્યા. વધુમાં ખેડૂત ભાઈઓ અને તાલીમાર્થીઓને સદર તાલીમ દ્વારા "ખેતીમાં કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજીનું મહ્ત્વ અને તેની ઉપયોગિતા" તેમને કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા.


AGRICULTURAL RESEARCH STATION

































તાલીમના અંતે ડૉ. મિહિર પંડ્યા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક, કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદ દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂત ભાઈઓ તેમજ મહિલા તાલીમાર્થી તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.